ધર્મ અમારો એક માત્ર એ 'સર્વધર્મ સેવા' કરવી, ધ્યેય અમારું છે માનવતા, વિશ્વમહી એને ભરવી...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૪૩ |
| અમદાવાદ | ૧૯૪ |
| ગાંધીનગર | ૩૧ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦૫ ૪ ઓક્ટોબર, ૨૦૨૦, રવિવાર; અ. આસો વદ - ૩ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બે કરોડ સુધીની લોન પર ચક્રવૃધ્ધિ વ્યાજ માફ થશે

**મોદી સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામુ દાખલ કરી જણાવ્યું : એમએસએમઇ લોન, શિક્ષણ, હાઉસીંગ, કન્ઝયુમર, ઓટો, ક્રેડીટ કાર્ડ, વ્યવસાય અને ઉપભોગ લોન પર લાગુ ચક્રવૃધ્ધિ વ્યાજને માફ કરવામાં આવશે : કેન્દ્ર સરકારે રચેલી કમિટિની ભલામણ બાદ વ્યાજ માફ નહિ કરવાનું વલણ બદલ્યું : વધુ સુનાવણી ૫ ઓક્ટોબરે હાથ ધરાશે**

ન્યુ દિલ્હી,તા.૩

કેન્દ્ર સરકારે લોન લેનાર વ્યક્તિ કે વેપારીને મોટી રાહત આપી છે. સરકારે સુપ્રીમ કોર્ટમાં એફીડેવિટ દાખલ કરી રહ્યું છે કે, તે મોરેટોરિયમ સમયગાળાના ૬ માસના વ્યાજ પર વ્યાજની માફી માટે તૈયાર છે. જો કે, આ વ્યાજ માફીનો લાભ ફક્ત ૨ કરોડ રૂપિયા સુધીની લોન પર મળશે. આ સિવા. જે લોકોએ માર્ચથી ઓગસ્ટ સુધીમાં બાકી રકમની ચૂકવણી કરી દીધી છે, તેમને પણ વ્યાજ પર વ્યાજ એટલે કે ચક્રવૃદ્ધિ વ્યાજથી છુટકારો મળી જશે.

નાણા મંત્રાલય તરફથી સુપ્રીમ કોર્ટમાં સોગંધનામું દાખલ કરવામાં આવ્યું છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, સ્જીસ્ઈ, એજ્યુકેશન, હોમ, કન્ઝ્યૂમર અને ઓટો લોન પર લાગૂ ચક્રવૃદ્ધી વ્યાજને માફ કરવામાં આવશે. આ ઉપરાંત ક્રેડિટ કાર્ડના બાકી પર પણ આ વ્યાજ વસૂલ નહીં કરવામાં આવે. સરકારે સોગંધનામામાં કહ્યું છે કે, મહામારીની સ્થિતિમાં વ્યાજની છૂટનું નુકસાન સરકાર ભોગવશે. આમા માટે સંસદની મંજૂરી લેવામાં આવશે. આ એકમાત્ર સમાધાન છે.

નાણાં મંત્રાલયે સોગંદનામામાં જણાવ્યું છે કે જો મોરટોરીયમ સમયગાળા માટે તમામ પ્રકારની લોનનું વ્યાજ માફ કરવામાં આવે તો તેના પર છ લાખ કરોડ રૂપિયા ખર્ચ થશે. તેનાથી બેંકોની કુલ સંપત્તિમાં મોટો ઘટાડો થશે. મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, જો કોઈ વ્યક્તિની લોન ૨ કરોડ રૂપિયાથી વધુ હોય તો તેને ચક્રવૃદ્ધિ વ્યાજ માફીનો લાભ નહીં મળે.

બેક્રર્સનું કહેવું છે કે, કેન્દ્રની યોજના અંતર્ગત વ્યાજ પરની માફીથી પાંચથી છ હજાર કરોડ રૂપિયાનો બોજ પડશે. જો તમામ કેટેગરીના લોન લેનારાઓને વ્યાજની લોન માફી આપવામાં આવે તો તેના પર ૧૫ હજાર કરોડ રૂપિયા ખર્ચ થશે. બેક્રર્સનું કહેવું છે કે કેન્દ્ર સરકાર તેના સોશિયલ વેલ્ફેર પગલાના ભાગ રૂપે આ વ્યાજ માફીની ભરપાઈ કરી શકે છે.

જો કે, નાણા મંત્રાલયના સોગંદનામામાં મોરેટોરિયમ સમયગાળા દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

## હાથરસમાં પહોંચેલા કોંગ્રેસના નેતાઓએ પીડિતાના પરિવાર સાથે બંધ બારણે વાત કરી

**રાહુલ અને પ્રિયંકાની પીડિતાના પરિવારને ન્યાય અપાવવા ખાતરી**

હાથરસ, તા. ૩

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પીડિતના પરિવારને મળવા માટે ઉત્તર



પ્રદેશના હાથરસ પહોંચ્યા હતા. બંધ રૂમમાં, તેણે પીડિતાના પરિવાર સાથે લગભગ એક કલાક વાત કરી. આ દરમિયાન પ્રિયંકાએ પીડિતાના માતાના ખભા પર હાથ મૂક્યો હતો અને તે ભેટતી જોવા મળી હતી. બેઠક બાદ તેમણે કહ્યું કે, અમે અન્યાય સામે લડશું અને પરિવાર ન્યાયિક તપાસ ઈચ્છે છે. તેમણે ડીએમને હટાવવાની માગ પણ કરી હતી. પ્રસંગે મીડિયા અને સુરક્ષા કર્મચારીઓ ઉપરાંત લોકોની મોટી ભીડ હતી.

બહાર લોકોની ભારે ભીડ જોઈ પોલીસ જવાનો સુરક્ષા માટે તૈયાર હતા. તેણે ચેન બનાવીને રસ્તો તૈયાર કર્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે રાહુલ સુરક્ષા જવાનોની સુરક્ષામાં પાછા ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## રોહતાંગમાં દુનિયાની સૌથી લાંબી હાઈ-વે અટલ ટનલનું વડાપ્રધાન દ્વારા ઉદઘાટન

**દેશની રક્ષાથી વધુ અમારા માટે કંઇ નથી, સૈનિકોની સુવિધા આપણી પ્રાથમિક્તા છે, અટલજીનું સપનું સાકાર થયું, હિમાચલના લોકોની આતુરતાનો અંત**

રોહતાંગ,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



આજે વિશ્વની સૌથી લાંબી હાઈવે ટનલ 'અટલ ટનલ' નું ઉદ્ઘાટન કર્યું છે. હવે આ ટનલ સામાન્ય લોકોની અવરજવર માટે ખૂલશે. આ પ્રસંગે રક્ષામંત્રી રાજનાથ સિંહ અને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જય રામ ઠાકુર પણ હાજર રહ્યા હતા. આપને જણાવી દઈએ કે આ ટનલ સમુદ્ર સપાટીથી ૧૦,૦૦૦ ફૂટ ઉપર છે, જે લેહને મનાલીથી જોડે છે. આ ટનલ ભારત અને ચીનની સરહદથી બહુ દૂર નથી, તેથી તે વ્યૂહાત્મક દ્રષ્ટિએ પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

● અનુસંધાન પાન-૭ પર

3BHK FLAT SELLING
Near Raxa Circle. opp. NID.
175 yd built - up area.
East - West facing.
100% wind direction.
90% fully furnish.
Call : 9974703401

રામચંદ્ર મહારાજ ૯૮૨૪૦ ૫૪૦૯૨

શ્રી મહાકાલી
કેટરર્સ & ડેકોરેશન



શુભ પ્રસંગે રસોઈ, મીઠાઈ, જ્યુસ અને વી.આઈ.પી. રીસેપ્શન તેમજ લગ્ન પ્રસંગે ડેકોરેશન માટે મળો.
સ્પે. પ્યોર જૈન મેનુ બનાવી આપવામાં આવશે.
સ્પે. કેટરીંગ ડીશ કોન્ટ્રાક્ટના ઓર્ડર લેવામાં આવશે.
સેક્ટર-૨૮, જી.આઈ.ડી.સી., પ્લોટ નં. ૧૦૧/૧/બી, સાંવરીયા હોટલની પાછળ, શિવ ટિમ્બરની સામે, ગાંધીનગર
કોવિડ-૧૯ કોરોના વાયરસ અન્વયે સંપૂર્ણ કાળજી રાખીને રસોઈ અંગેની તમામ કામગીરી કરવામાં આવે છે.
૨૫, ૫૦, ૭૫ અને ૧૦૦ વ્યક્તિ સુધી કેટરીંગ સર્વિસ હાલ પુરતી ઉપલબ્ધ છે.

